પંચમહાલમાં ગેરરીતિથી નિકાહ સર્ટિ ઇસ્યુ થતાં સરકાર સતર્ક બની

# ગુજરાતમાં માતા-પિતાની સહમતિ વગર લગ્ન નહીં થાય

**વિધાનસભામાં** ડે સીએમ હર્ષ સંઘવીએ જાહેરાત કરી

**ગુજરાત** મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ 2006માં ઐતિહાસિક સુધારો

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં આજે દીકરીઓના હિત અને સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. ડે સીએમ હર્ષ સંઘવીએ ગુજરાત વિધાનસભામાં નવી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ 2006માં મહત્વપૂર્ણ સુધારા લાવી રહી છે, જેના અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાની જાણ અને સહમતી અનિવાર્ય બનાવવામાં આવશે.

**છેતરપીંડી અને બળજબરી સામે કડક વલણ**

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા ઓળખ છુપાવીને, લાલચ કે છળકપટથી લગ્ન નોંધાવવાના બનાવો સામે આવ્યા છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લાના કેટલાક ગામોમાં ગેરરીતિથી 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યૂ થયાની વિગતો સામે આવતા સરકાર સતર્ક બની છે. આ મામલામાં ઊંડાણપૂર્વક તપાસ કરીને સંબંધિત લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે લવ-મેરેજનો વિરોધ નથી, પરંતુ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે રાજ્ય સરકાર સખત વલણ અપનાવશે. "કોઈ વ્યક્તિ પોતાની ઓળખ છુપાવીને રાજ્યની દીકરીને ફસાવશે તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી થશે," એમ તેમણે ચેતવણી આપી.

### લગ્નની નોંધણી માટે અલગ પોર્ટલ બનશે

આ સુધારાઓ અંતર્ગત લગ્ન નોંધણી માટે અલગથી એક વિશેષ પોર્ટલ તૈયાર કરવામાં આવશે, જેમાં નોંધણી વખતે માતા-પિતાને સત્તાવાર રીતે જાણ કરવામાં આવશે.સરકારે આ સૂચિત નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. આ માટે એક કમિટીની રચના કરવામાં આવી છે, જે બંધારણીય મર્યાદામાં રહીને મળેલા સૂચનો પર વિચારણા કરશે અને જરૂરી સુધારાઓ સાથે અમલમાં મૂકાશે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સનાતન પરંપરા અને દીકરીઓના સન્માનની રક્ષા માટે કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે દીકરીઓની સુરક્ષા, પરિવાર પ્રણાલી અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે આ સુધારા લાવવામાં આવી રહ્યા છે.

### ન્યાય વિભાગ અને સામાજિક સંસ્થા વચ્ચે ૩૦ બેઠક બાદ નિર્ણય

છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગ દ્વારા વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે આશરે ૩૦ બેઠકો યોજીને ચર્ચા-વિચારણા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારનો આ નિર્ણય સમાજમાં પારદર્શિતા વધારવા, ગેરઉપયોગ અટકાવવા અને દીકરીઓને સુરક્ષા કવચ પૂરું પાડવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહ્યો છે.

### ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ-2006માં સુધારાના મહત્વના મુદ્દા

» હવે લગ્ન નોંધણી વખતે માતા-પિતાની જાણ અને સહમતી અનિવાર્ય રહેશે.
» લગ્ન નોંધણી માટે અલગથી વિશેષ પોર્ટલ બનાવવામાં આવશે.
» ઓળખ છુપાવીને થતા લગ્નો, છેતરપીંડી અને બળજબરી સામે કડક પગલાં લેવાશે.
» પંચમહાલ જિલ્લામાં ગેરરીતિથી 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યૂ થયાના મામલે તપાસ કરીને કાર્યવાહી કરાઈ.
» સૂચિત નિયમો અંગે ૩૦ દિવસ સુધી નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા.

### હવે લગ્નની અરજી માટે આ કરવું પડશે

(1) અરજીમાં વર-વધુ અને બે સાક્ષીઓના ફોટા સહી નોટરી સાથે ફરજિયાત
(2) અરજદારોના ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, ફોટો ઓળખ પત્રના કોઇપણ પૂરાવા
(3) વર-વધૂ અને સાક્ષીઓના આધાર કાર્ડ, જન્મદાખલો અથવા LC
(4) કંકોત્રી, આમંત્રણ પત્રિકા, લગ્નવિધીના ફોટા
(5) વર-વધૂ દ્વારા તેમના માતા-પિતાને લગ્ન બાબતે જાણ કરેલ છે કે કેમ, તે અંગેનું ડિક્લેરેશન.
(6) વરવધુના માતાપિતાનું પુરુ નામ, સરનામું, આધારકાર્ડ અને મોબાઇલ નંબર
(7) આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા ખાતરી થયા વર-વધુના માતા-પિતાને જાણ કરવામાં આવશે

## અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન બે દિવસના ગુજરાત પ્રવાસે

અમદાવાદ : આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આવતીકાલ તા 21 અને 22 ફેબ્રુઆરીએ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. 21 ફેબ્રુઆરીએ કેજરીવાલ અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા બાદ મીડિયા સંબોધન કરશે. ત્યારબાદ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રદેશ નેતૃત્વ સાથે સંગઠનાત્મક બેઠક યોજાશે.જ્યારે બીજા દિવસ 22 ફેબ્રુઆરીએ ભાવનગર ખાતે યોજાનારા સમૂહ લગ્નમાં બંને નેતાઓ હાજરી આપશે. તેમજ વલ્લભીપુર તાલુકાના પછે ગામમાં મુરલીધર મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે આ મુલાકાત રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## રાજ્યમાં છેલ્લાં ૫ વર્ષમાં ૨ લાખથી વધુ ખેડૂતોને ટ્રેક્ટર સહાય ચૂકવાઈ

ગાંધીનગર, તા. 20: રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના ૨,૦૧,૬૦૫ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે કુલ રૂ. ૧,૧૯૧.૯૪ કરોડની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે, તેવું વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતુ કે એજીઆર-૫૦ ટ્રેક્ટર સહાય યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૧-૧૨માં કરવામાં આવી હતી. હાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજનાનું બજેટ વધારી વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ટ્રેક્ટર ખરીદી સહાયની મર્યાદા વધારીને રૂ. ૧ લાખ કરવામાં આવી છે.

# રોથ્સચાઈલ્ડ કંપનીને ભારતમાં પ્રવેશ આપવા પાછળ કોનો દોરીસંચાર કામ કરી રહ્યો છે?

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ઓફર ફોર સેલ માટે રોથ્સચાઈલ્ડને સ્વતંત્ર સલાહકાર તરીકે પસંદ કર્યા તેને કારણે વિવાદનો મધપૂડો છંછેડાઇ ગયો છે અને ભારતનાં જૂનાં જખમો તાજાં થયાં છે. આજની નવી પેઢીને કદાચ ખબર નહીં હોય પણ ભારતને ગુલામ બનાવનારી ઇસ્ટ ઈંડિયા કંપનીના મુખ્ય માલિકોમાં રોથ્સચાઈલ્ડ પરિવારની પણ ગણના થતી હતી. થોડા સમય પહેલાં પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા ભારતમાં નકલી ચલણી નોટો ઘુસાડવાનું જે ષડ્યંત્ર ચાલતું હતું, તેમાં પણ પડદા પાછળ રોથ્સચાઈલ્ડ કંપની કામ કરી રહી હતી. રોથ્સચાઈલ્ડ કંપની લગભગ ૨૦૦ વર્ષનો વિવાદાસ્પદ ઇતિહાસ ધરાવે છે. વોટરલૂના યુદ્ધમાં નેપોલિયન હારી ગયો ત્યારે રોથ્સચાઈલ્ડ ફેમિલી દ્વારા જૂઠી અફવા ફેલાવી દેવામાં આવી હતી કે બ્રિટન હારી ગયું છે. તેને કારણે ગભરાટમાં આવી ગયેલા બ્રિટીશરો દ્વારા બેન્ક ઓફ ઇંગ્લેન્ડના શેરો પાણીના ભાવે વેચી દેવામાં આવ્યા હતા, જે રોથ્સચાઈલ્ડે તરત ખરીદી લીધા હતા, જેના થકી બેન્ક ઓફ ઇંગ્લેન્ડ પર તેની માલિકી પ્રસ્થાપિત થઇ ગઇ હતી. આજે પણ દુનિયાનું સંચાલન કરતાં ૧૩ પરિવારોની યાદીમાં રોથ્સચાઈલ્ડનો સમાવેશ થાય છે.

વૈશ્વિક નાણાંકીય ક્ષેત્રમાં કેટલાંક નામો તેમની બેલેન્સ શીટને કારણે પ્રખ્યાત છે, જ્યારે અન્ય તેમના ઇતિહાસ અને દંતકથાઓ માટે જાણીતાં છે અને રોથ્સચાઇલ્ડ એન્ડ કંપની તેમાંની બીજી શ્રેણીમાં આવે છે. રોથ્સચાઈલ્ડ એક એવી પેઢી છે, જે હંમેશા પૈસા અને શક્તિના આંતરછેદ પર રહી છે. યુદ્ધ, સામ્રાજ્ય અને કટોકટી દરમિયાન, તેણે શાંતિથી નાણાં પૂરા પાડ્યા છે, પુનર્ગઠન કર્યું છે અને એવાં પરિણામો આપ્યાં છે, જે ભાગ્યે જ પુસ્તકોમાં આવે છે. તેનાં પ્રશંસકો તેને સ્થિર અને વિશ્વસનીય માને છે, તેના ટીકાકારો તેને અણનમ તરીકે ફગાવી દે છે અને સામાન્ય લોકો તેને કાચી શક્તિ તરીકે સમજે છે. કોઈ પણ દૃષ્ટિકોણથી, આ નામ તેની હાજરી સાથે પ્રભાવ પાડે છે. દુનિયામાં જેને ડીપ સ્ટેટ તરીકે માનવામાં આવે છે, તેનો મુખ્ય હિસ્સો રોથ્સચાઈલ્ડ છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જના IPO માટે રોથ્સચાઈલ્ડની પસંદગી શા માટે કરવામાં આવી? આ નિર્ણય કોણે કર્યો? તેના જવાબો મળતા નથી. ભારતના સ્થાનિક બેન્કરો પણ મોટા IPO ને હેન્ડલ કરી શકતા હતા, પરંતુ રોથ્સચાઈલ્ડ એવા રૂમમાં ઉપયોગમાં લેવાતી સૂક્ષ્મ શક્તિથી કાર્ય કરે છે, જ્યાં સાર્વત્રિક નાણાંકીય લિવર શાંતિથી ફરે છે. સ્વતંત્ર સલાહકાર તરીકે રોથ્સચાઇલ્ડનું સ્થાન ફક્ત પ્રતીકાત્મક નથી. તે કંપનીને NSE IPO આર્કિટેક્ચર, માલિકી સ્તરો, શેર માળખાં, રોકાણકારોની પસંદગીઓ



અને કિંમત નિર્ધારણ વ્યૂહરચનાઓમાં સંપૂર્ણ સત્તા આપે છે. ખોટાં કાર્યોની ગેરહાજરીમાં પણ, આ સ્તરની પહોંચ એક વ્યૂહાત્મક લાભ બનાવે છે, જે રોથ્સચાઈલ્ડ કંપનીને અન્ય કોઈ પણ કંપની કરતાં મૂડીના માર્ગને સમજવા અને સંભવિત રીતે પ્રભાવિત કરવાની મંજૂરી આપે છે. આવાં બજારોમાં, જ્ઞાન પોતે જ લીવરેજ બની શકે છે, જે નક્કી કરે છે કે માળખાકીય તકોનો લાભ કોને મળી શકે છે. ચીન તેના મૂડીબજારને સખત રીતે સુરક્ષિત રાખે છે અને રોથ્સચાઇલ્ડ જેવા વિદેશી સલાહકારોને નજીક આવવા દેતું નથી. તેનાથી વિપરીત, ભારતે એક અલગ જોખમી રસ્તો પસંદ કર્યો છે. રોથ્સચાઈલ્ડ પરિવારનો પાકિસ્તાન સાથેનો સંબંધ ઊંડો છે. ૧૯૮૮માં બેનઝીર ભુટ્ટોની નવી ચૂંટાયેલી સરકારે ખાનગીકરણની વ્યૂહરચના બનાવવા અને સરકારી કંપનીઓના વેચાણ માટે ઉમેદવારોની યાદી બનાવવા માટે બ્રિટિશ કંપની NM રોથ્સચાઈલ્ડને સલાહકાર તરીકે નિયુક્ત કરી હતી. રોથ્સચાઈલ્ડના અહેવાલમાં પાકિસ્તાનના મૂડી બજારોના નિર્માણ માટે વ્યાપક માલિકી મોડેલની ભલામણ કરવામાં આવી હતી અને સંભવિત વિનિવેશ માટે હબીબ બેંક સહિત મુખ્ય રાજ્ય સાહસોને ચિહ્નિત કરવામાં આવ્યા હતા. બેનઝીર ભુટ્ટોનો કાર્યકાળ સંપૂર્ણ મુદત પહેલાં વિવાદ વચ્ચે સમાપ્ત થયો હોવા છતાં, રોથ્સચાઈલ્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલી બ્લુપ્રિન્ટ પછીના ખાનગીકરણને પ્રભાવિત કર્યું હતું.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

રોથ્સચાઇલ્ડની શરૂઆતની ભલામણો પછી તબક્કાવાર ખાનગીકરણ કરવામાં આવ્યું અને અંતે તેનું નિયંત્રણ આગા ખાન ફંડ ફોર ઇકોનોમિક ડેવલપમેન્ટ (AKFED) ને સોંપવામાં આવ્યું હતું, જે ભારતની DCB બેંક સાથે એક સામાન્ય મુખ્ય હિસ્સેદાર છે, જ્યાં AKFED નોંધપાત્ર હિસ્સો (લગભગ ૧૫ ટકા) ધરાવે છે. વર્ષ ૨૦૨૩માં દેવાની અંધાધૂંધી અને IMFની ઉદાસીનતા વચ્ચે પાકિસ્તાન સાર્વભૌમ ડિફોલ્ટ પર ટકી રહ્યું હતું, ત્યારે રોથ્સચાઈલ્ડ એન્ડ કંપની વડા પ્રધાન શેહબાઝ શરીફના નેતૃત્વમાં દેવાના પુનર્ગઠન પર સલાહ આપવા માટે ફરીથી ઊભરી આવી હતી. ત્રણ વર્ષ પછી, તે જ કંપની હવે ભારતના NSE માટે તેના IPO માટે સ્વતંત્ર સલાહકાર તરીકે સ્થાન પામે છે. આ કંપનીની નિમણૂક ભેદી રીતે કરવામાં આવી છે.

જ્યારે ૨૦૦૦ ના દાયકાની મધ્યમાં રોથ્સચાઈલ્ડની શાખા ગણાતી બ્રિટીશ ચલણી કાગળ સપ્લાયર દે લા રુ કંપની ભારતનાં સંવેદનશીલ અધિકારક્ષેત્રોમાં વ્યાપારી રીતે કાર્યરત હતી ત્યારે આ વ્યવસ્થા કાગળ પર સંપૂર્ણપણે કાયદેસર હતી. છતાં નકલી ચલણના પ્રવાહના આરોપો અને ત્યાર બાદની તપાસે અવિશ્વાસના અવશેષો છોડી દીધા હતા. પાકિસ્તાને ઘણા દાયકાઓથી નકલી ચલણના રેકેટથી ભારતના અર્થતંત્રને તારાજ કરવામાં સફળ રહ્યું, જે પરિસ્થિતિ કોઇક રીતે દે લા રુની ચલણ છાપવાની ઇકોસિસ્ટમના ઉપયોગથી ઉદ્ભવી હતી. પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ બંને રાષ્ટ્રોને પૂરા પાડવામાં આવેલા સમાન સુરક્ષા કાગળોનો ઉપયોગ કરીને ચલણ જેહાદનું આયોજન કર્યું હતું, જેણે ઉચ્ચ ગુણવત્તાવાળી નકલી નોટો ભારતમાં પમ્પ કરી હતી, જે વોટરમાર્ક અને થ્રેડો જેવી ૯૫ ટકા અસલી નોટોની સુવિધાઓની નકલ કરતી હતી. નેપાળ અને બાંગ્લા દેશની સરહદો દ્વારા દાણચોરી કરીને, આ નકલી નોટો વડે કાળાં નાણાંના પરિભ્રમણમાં વધારો કર્યો હતો, જેના કારણે અબજો રૂપિયાની આવક અને શોધનો બોજ ગુમાવવો પડ્યો હતો. વધુ ખરાબ વાત એ છે કે NIA તપાસમાં આ રેકેટને આતંકવાદી ભંડોળ સાથે જોડવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦૮ના મુંબઇ હુમલા અને કાશ્મીરમાં આતંકવાદનો સમાવેશ થાય છે, જેમાં હવાલા નેટવર્ક્સ દ્વારા મની લોન્ડરિંગ દ્વારા ભારતમાં હજારો વિસ્ફોટો કરવામાં આવ્યા હતા. નાના વેપારીઓ અને ગ્રામીણ અર્થતંત્રને ભારે નુકસાન થયું, કારણ કે નકલી નોટો દૈનિક વ્યવહારોમાં ઘૂસણખોરી કરી ગઈ હતી. ગુપ્તચર સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી ચેતવણીઓ છતાં, ભારતે પી. ચિદમ્બરમના નાણાં મંત્રાલય હેઠળ દેલા રુ કંપનીને ઠેકો આપવાની રાજકીય ભૂલ માટે ભારે કિંમત ચૂકવી હતી. ૨૦૨૫ ની ફિલ્મ ધુરંધરમાં સીબીઆઈ તપાસ અને આતંકવાદી સંબંધોને નાટકીય રીતે રજૂ કરતી આ ગાથાનું પુનરુત્થાન દર્શાવે છે કે આવા દાખલાઓ જાહેર માનસમાં કેવી રીતે ટકી રહે છે.

રોથ્સચાઈલ્ડનો પોતાનો વારસો સરહદ પારનાં રાજ્યકાર્યોમાં ડૂબેલો છે. યુરોપમાં રોથ્સચાઈલ્ડ પરિવારનો ઉદય યુદ્ધના સમય દરમિયાન સરકારોને ધિરાણ આપવાના અને હરીફ સત્તાઓમાં સાર્વભૌમ જરૂરિયાતોના અંડરરાઇટિંગ પર આધારિત હતો. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન રોથ્સચાઈલ્ડ કંપનીએ બંને પક્ષોને ધિરાણ આપીને ધૂમ કમાણી કરી હતી.

ઇતિહાસકારો નોંધે છે કે નેપોલિયનિક યુગ દરમિયાન બ્રિટિશ યુદ્ધ સાથે જોડાયેલા બોન્ડ બજારોમાં તેમની સંડોવણી હતી અને સદીઓથી ભારતને ગુલામ બનાવનાર બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં પણ તેમની ભાગીદારી હતી. આ કંપની હવે ભારતને ફરીથી ગુલામ બનાવવા આવી ગઈ છે અને આપણી સરકાર જાણે ઇતિહાસથી અણજાણ હોય તેમ તેને પોંખવા તૈયાર થઈ ગઈ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**NSE ના ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના IPO માટે સલાહકાર તરીકે રોથ્સચાઈલ્ડ કંપનીની પસંદગી શા માટે કરવામાં આવી? આ નિર્ણય કોણે કર્યો? તેના જવાબો મળતા નથી**

# રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની આગાહી

ગાંધીનગર : શિયાળાની વિદાય સાથે ઉનાળો નજીક આવી રહ્યો હોય તેવા સમયે ઉત્તર ભારતમાં હવામાને અચાનક યુ-ટર્ન લીધો છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલી નવી હવામાન પ્રણાલી અને પશ્ચિમી વિક્ષેપના અસરથી આગામી દિવસોમાં અનેક રાજ્યોમાં વરસાદ, વાવાઝોડા અને તાપમાનમાં ફેરફાર જોવા મળશે. ભારતીય હવમાન વિભાગે આજે 20 ફેબ્રુઆરી અને ત્યારબાદના દિવસો માટે હિમાચલ પ્રદેશથી લઈને તમિલનાડુ સુધી ચેતવણી જાહેર કરી છે. 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વીજળીવાળા ઝાપટાં સામાન્ય જનજીવનને અસર કરી શકે છે.

### ઉત્તર ભારત - વરસાદ અને હળવી ઠંડીની પાછી આવી

હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં આગામી 3-4 દિવસ હવામાન ખરાબ રહી શકે છે. પશ્ચિમી વિક્ષેપ અને દરિયાઈ ભેજને કારણે તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો શક્ય છે, જેના કારણે હળવી ઠંડી ફરી અનુભવાઈ શકે છે.હિમાચલ અને કાશ્મીરના વિસ્તારોમાં શિમલા, મનાલી અને શ્રીનગર જેવા પર્યટન સ્થળોએ વરસાદ અને બરફવર્ષાનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે.

# BUSINESS મિત્ર

**નિફ્ટીએ 25550 પોઇન્ટની સપાટી કુદાવી, મિડકેપ શેરોમાં પણ રીકવરી**

# શેરબજારમાં રિકવરી: સેન્સેક્સ 316 પોઈન્ટ ઉછળ્યો

**વૈશ્વિક** સંકેતો અને મેટલ-પાવર શેરોની તેજીથી બજારમાં પોઝિટિવ વલણ; આઈટી અને સ્મોલકેપમાં વેચવાલીનું દબાણ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 20:** ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ અને ગઈકાલના કડાકા બાદ આજે થોડીક રીકવરી સાથે પોઝિટિવ બંધ રહ્યા હતા. આજે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજાર પોઝિટિવ બંધ રહ્યા હતા. આઈટી અને મીડિયા સેકટરને છોડીને તમામ સેકટરો પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં પાવર, મેટલ, કેપિટલ ગુડઝ, પીએસયુ બેન્કમાં 1થી 2 ટકાનો સુધારો જોવાયો હતો. મિડકેપ શેરોમાં પણ રીકવરીનું વલણ જોવા મળ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચેનો વધી રહેલો તણાવ, અમેરિકા વ્યાજદર અંગેની આશાની પાછળ વૈશ્વિક બજારો સુધર્યા હતા, જેમાં મેટલ સેકટરમાં તેજી જોવા મળી રહી છે. આમ, વૈશ્વિક સંકેતોની પાછળ ભારતીય શેરબજારમાં પણ રીકવરી જોવા મળી હતી અને નિફ્ટી 25550 પોઈન્ટની ઉપર નીકળીને બંધ રહી હતી. એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ જાન્યુઆરીમાં 58.5ની તુલનામાં ફેબ્રુઆરીમાં ઘટીને 58.4 થયો હતો. જે નજીવો ઘટ્યો હોવાતી આઈટી સેકટરમાં એમ પણ એઆઈની બુમ ચાલી રહી છે, ત્યારે આ ડેટાથી રોકાણકારોમાં વધુ નિરાશા જાગી હતી. જોકે, એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરીં પીએમઆઇ 55.4ની તુલનામાં 57.5નો રહ્યો હતો, જે મજબૂત માગ તરફ ઈશારો કરી રહી છે. બીએસઈ સેન્સેક્સ 316.57 પોઈન્ટ એટલે કે 0.38 ટકા વધીને 82814.71 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 83132 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82206 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 115.90 પોઈન્ટ એટલે કે 0.46 ટકા વધીને 25571.25 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 25550 પોઈન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25663 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25379 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 432.45 પોઈન્ટ એટલે કે 0.71 ટકા વવધીને 61172 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ગ્લોબલ હેલ્થ લિ. 201.84 ગણા, ક્રીસિલ 25.54 ગણા, જેકે લક્ષ્મી સિમેન્ટ 23.33 ગણા, એબીબી 15.86 ગણા, શ્રી સિમેન્ટ 11.2 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એબીબી ઈન્ડિયા 19.62 ગણા, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ 11.31 ગણા, ડેટા પેટર્ન 5.54 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટ 4.46 ગણા અને સીમેન્સ 2.96 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ શેરોમાં રીકવરી જોવાઈ હતી, પણ સ્મોલકેપ શેરોમાં હજુય વેચવાલીનું દબાણ હાવી રહેતું જોવા મળ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.44 ટકા સુધર્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકા ઘટયો હતો. આમ, બીએસઈ માર્કેટ બ્રેથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 1918 શેરો વધ્યા હતા, જ્યારે 2263 શેરો ઘટયા હતા. જ્યારે 168 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે સપ્તાહના અંતિમ દિવસે યુરોપિન બજારો પોઝિટિવ વલણ દર્શાવતા હતા. યુકેના રિટેલ વેચાણ, મજબૂત યુરોઝોનના પીએમઆઈ અને ફુગાવો સરળ બનતા રોકાણકારોની લેવાલી વધી હતી. યુકેમાં ડિસેમ્બરથી જાન્યુઆરીમાં રિટેલ વેચાણ 1.8 ટકા વધ્યું હતું. જે અપેક્ષાઓને વટાવી ગયો હતો અને મે 2024 પછીની સૌથી મોટો વધારો દર્શાવે છે. જર્મનીના જાન્યુઆરીમાં ઉત્પાદક ભાવમાં વાર્ષિક ધોરણે 3 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ફ્રાન્સનો ફુગાવો વાર્ષિક ધોરણે 0.3 ટકા થયો હતો. જે ડિસેમ્બરમાં 0.8 છે. યુરોઝોનમાં કમ્પોઝિટ પીએમઆઈ ફેબ્રુઆરીમાં વધીને 51.9 થઈ ગયો છે, જે નવેમ્બર પછીનો સૌથી મજબૂત છે. જર્મનીનો મેન્યુફેકચરીંગ પીએમઆઈ 50.7 છે. ખાનગી ક્રેડિટ સ્ટોક્સ અને ઈરાન-યુએસમાં ઘટાડાના કારણે વોલસ્ટ્રીટ લાલ નિશાનમાં રહેતા એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

### ડોલરમાં ઝડપી ઉછાળો, 30 પૈસા વધ્યો

ઇરાન-યુએસ વચ્ચેના તણાવના લીધે ક્રુડ ઓઇલમાં ભાવ ઉછળ્યા હતા, જેના લીધે આજે ડોલરમાં મજબૂતાઇ જોવાઇ હતી. ફરી એકવાર જીયો પોલીટીકલ ટેન્શનની અસર રહેતા રૂપિયો નબળો પડ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 30 પૈસા તૂટીને 90.98ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.68ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.03, પાઉન્ડ 122.94, કેનેડિયન ડોલર 66.40, ઓસ્ટ્રેલિયન ડોલર 64.59 અને જાપાનીઝ યેન 0.5862ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.98 રૂ. |
| યુરો | 107.03 રૂ. |
| પાઉન્ડ | 122.94 રૂ. |
| યેન | 0.5862 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 316.57 | 82814.71 |
| નિફ્ટી | 116.90 | 25571.25 |
| બેન્ક નિફ્ટી | 432.45 | 61172.00 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 3.32 | 935.70 |
| એનટીપીસી | 2.68 | 372.95 |
| લાર્સન-ટુબ્રો | 2.34 | 4380.60 |
| એસબીઆઇ લાઇફ | 1.81 | 2080.00 |
| કોલ ઇન્ડિયા | 1.78 | 423.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.51 | 1456.90 |
| ઇન્ફોસીસ | 1.26 | 1353.20 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.10 | 2832.80 |
| એચસીએલ ટેકનો | 0.96 | 1436.50 |
| ઇટર્નલ | 0.85 | 269.45 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.73 | 373.05 |
| લાર્સન-ટુબ્રો | 2.37 | 4380.25 |
| એચયુએલ | 1.56 | 2315.00 |
| બજાજ ફાઇનાન્સ | 1.47 | 1029.15 |
| પાવરગ્રીડ | 1.44 | 298.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.75 | 1455.00 |
| ઇન્ફોસીસ | 1.23 | 1352.75 |
| ઇટર્નલ | 1.10 | 268.90 |
| એચસીએલ ટેકનો | 0.92 | 1437.05 |
| ભારતી એરટેલ | 0.76 | 1975.25 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૭૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૬૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૭૧૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૬૫૦૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૭૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૬૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૭૮૦૦ |

# પ્રોસીકયુસનના કાયદા હળવા થયા

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

ફાયનાન્સ બીલ 2026ના પ્રાવધાનોમાં જૂના અને નવા ઈન્કમટેક્ષ કાયદામાં કેટલાંક ગુનાઓ માટે સખ્ખત જેલની જોગવાઈ હતી તો કેટલાંક ગુનાઓ જેવા કે T.D.S. અને T.C.S.માં ટેક્ષ ડિડકશનની રકમ સમયસર ભરી નહિ હોય તો પણ ફોજદારી કાર્યવાહીની જોગવાઈઓ હતી. આ બધા સામે કરદાતાઓ માટે સજા માંડવાળ (Compounding of offence)ની એક માત્ર રાહત ઉપલબ્ધ હતી જેમાં પણ ખાતા તરફથી કડક રવૈયાને પગલે કરદાતાઓને હાઈકોર્ટ સુધી લંબાવવું પડતું હતું જેમાં ભારે સંશોધનને અંતે હવે ગુનામુકત (Decriminalisation) ની આવકારદાયક જોગવાઈઓ થઈ છે. 1 લી માર્ચથી અમલી બનશે.

**ગુનામુક્ત પ્રાવધાનો**

» નવા કાયદાની કલમ-481 મુજબ એસેસમેન્ટ દરમ્યાન માંગેલી વિગતો અને એકાઉન્ટસ આપવામાં ચૂક થાય તો એક વર્ષની સખ્ખત કેદ અને દંડની સજા ફટકારી છે. ફાયનાન્સ બીલ 2026માં આ સજા અને દંડ બન્ને કાઢી નાખવામાં આવ્યા છે. સ્પેશિયલ ઓડિટ અંગે સહકાર આપવામા આવે નહિ તો એક વર્ષની સખ્ખત કેદ અને દંડની જોગવાઈ ચાલુ રાખી છે.

» ઓનલાઈન ગેમ અને વચ્યુઅલ ડિજિટલ એસેટસની આવક જો વસ્તુમાં હોય અને એના TDSમાં ચૂક થાય તો પ્રોસીકયુશનમાંથી સંપૂર્ણ મુકિત છે.

» અન્ય TDSના કેઈસો જેવા કે લોનના વ્યાજ, ભાડાં, મિલ્કત ખરીદી, દલાલી-કમિશન વિગેરે ઉપર TDS ચૂક થાય અને T.D.S.ની રકમ 10 લાખથી ઓછી હોય તો ફકત દંડની જોગવાઈ છે. પરંતુ શ્રેણીબધ્ધ (Grading) મુજબ 50 લાખથી વધુ હોય તો 2 વર્ષની સાદી કેદ અને 10 લાખથી 50 લાખની વચ્ચે સાદી કેદ 6 મહિનાની અને આવા મોટી રકમના ગંભીર ગુનામાં પણ આર્થિક ગુનાની કોર્ટનાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ફખત દંડની રકમ લઈને પણ કરદાતાને કેદની સજામાંથી હવે બચાવી શકે છે.

જો કે આ બન્ને જૂના કાયદા મુજબની કલમો-276 B અને 276 BB માં ધ્યાનાકર્ષક વાત એ છે કે TDS/TCS ના કવાર્ટરલી રીટર્ન ભરવાની મુદત પહેલાં જો આ ટેક્ષ ભરાઈને રીટર્નમાં બતાવીને-રીટર્ન ભી દેવામાં આવે ગમે તેટલી રકમની ચૂક હોય તો પણ સજાનું પ્રાવધાન નથી. આશ્ચર્યકારક વાત એ છે કે નવા કાયદામાં 6 વર્ષોની મર્યાદા ઘટાડીને 2 વર્ષ કરી દીધી છે કે જે સમયમાં આપ ટેક્ષ ભરીને ભૂલમાં સુધારો કરીને કવાર્ટરલી રીટર્ન ભરી શકો છો.

» ટેક્ષ ચોરીનો પ્રયાસ કરે અથવા આવી ટેક્ષ પેનલ્ટી અને વ્યાજ ચૂકવવામાં જાણીબૂઝીને નિષ્ફળ જાય એવા સંજોગોમાં સખ્ખત કેદને બદલે સાદી કેદની જોગવાઈ થઈ છે. અને 25 લાખને બદલે 50 લાખની ઉપરની આવી ટેક્ષ ચોરી હોય તો જ સજાનું પ્રાવધાન છે એનાથી ઓછી રકમ માટે પણ સજા ઘટાડી છે. 10 લાખની નીચેના આવા ટેક્ષ ચોરીના કેઈસોમાં કોઈ સજા નથી અને પણ ઉપર જણાવ્યું તેમ ફકત દંડ લઈને પણ મેજીસ્ટ્રેટ કેઈસ સમાપ્ત કરી શકે છે.

» ઈન્કમટેક્ષના રીટર્ન સમયસર ભરવામાં અથવા નોટીસના અનુસંધાને ભરવામાં અથવા રીઓપીનીંગ સંદર્ભે ભરવામાં નિષ્ફળ જાય તો તેમાં પણ ઉપર મુજબ સુધારો છે. પરંતુ આમાં પણ મોટી રાહત આપી છે કે કરદાતા અપડેટેડ (Updated) રીટર્ન ભરીને આવક ઉપર ટેક્ષ ભરીને, વધાનો ટેક્ષ ભરીને છૂટી શકે છે.

વળી સેલ્ફ એસેસમેન્ટ ટેક્ષ અથવા રેગ્યુલર એસેસમેન્ટ ટેક્ષ 10 હજારથી ઓછો હોય અને આકારણી વર્ષના અંત પહેલા ભરી દીધો હોય તો પણ સજાનું પ્રાવધાન નથી. જો કે આમાં પણ 10 હજારની લીમીટમાં કોઈ ફેરફાર નથી.

» ઉપરોકત તમામ ગુનાઓ તથા અન્ય ગુનાઓમાં ગુનાહિત ઈરાદો (Mensrea) પૂરવાર થવું જરૂરી છે અને એ બેઝિક શરત હંમેશા કરદાતાનો બચાવ કરશે.

» વળી નવા કાયદાની કલમ-486 (જૂના કાયદામાં 278AA) માં કઈ ફેરફાર નથી, જેમાં નિર્દિષ્ટ ચાર પ્રકારના ગુનાઓ માટે વ્યાજબી કારણનો બચાવ વિકલ્પ આપ્યો છે.

» આશા રાખીએ કે ખાતા તરફથી પણ સરકારની આ શુભ ચેષ્ટાનો લાભ કરદાતાને મળી રહેશે.

# બીએસઈમાં માર્કેટ વોલ્યુમ ડાઉન, ટેન્શન અપ થયું

**હેટોંગનો** અહેવાલ : ફેબ્રુઆરીમાં બીએસઇનું ટર્નઓવર ઘટશે

**એક** સપ્તાહમાં BSEના શેરમાં 10% સુધીનો ઘટાડો

મુંબઈ, તા. 20: બીએસઈનો તણાવ સતત વધી રહ્યો છે. એસટીટીમાં કડકતાએ વોલ્યુમ પર દબાણ દર્શાવ્યું હતું. જેમાં હૈટોંગના અહેવાલ મુજબ, એસટીટીમાં વધારો અને આરબીઆઈના બ્રોકર ફંડિંગ પર પ્રતિબંધ અમલમાં આવે તે પહેલા જ બીએસઈના ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

હૈટોંગના આ અહેવાલ મુજબ, ઓપ્શન વોલ્યુમ પર પણ દબાણ આવ્યું છે. બીએસઇ પરના હૈટોંગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ફેબ્રુઆરીમાં તેનો ટર્નઓવર ડેટા નબળો રહ્યો છે. ફેબ્રુઆરીમાં બીએસઇનો માર્કેટ શેર ઘટ્યો છે અને તે જાન્યુઆરીમાં 33 ટકાથી ઘટીને 30 ટકા થઈ ગયો છે. ફેબ્રુઆરીમાં ઓપ્શન વોલ્યુમમાં પણ ઘટાડો થયો છે.